# ખોડલધામનું ટ્રસ્ટીમંડળ દેસાઇ કોટેક્ષ ચીતલની મુલાકાતે



ખોડલધામનું ટ્રસ્ટી મંડળ દેસાઈ કોટેક્ષ ચીતલની મુલાકાતે આવ્યું તે વેળાએ પ્રમુખ શ્રી નરેશભાઈ પટેલ, ગોપાલભાઈ વસ્તરપરા, પ્રકાશભાઈ કાકડીયા, બટુકભાઈ સોજીત્રા, રમેશભાઈ, દિનેશભાઈ, હર્ષદભાઈ, શૈલેષભાઈ અકબરી, બકુલભાઈ સોરઠીયા, જીતુભાઈ શીયાણી, ચિરાગભાઈ શીયાણી, અને સદસ્યો, ટ્રસ્ટીઓનું દેસાઈ કોટેક્ષવતી મનુભાઈ દેસાઈ, વિજયભાઈ દેસાઈ, કાળુભાઈ જીતુભાઈ, જયેશભાઈ, જગદીશભાઈ અને ચીતલના વેપારીઓ આગેવાનોએ સ્વાગત કર્યુ હતુ તે વેળાની તસવીરમાં નજરે પડે છે.

## બાબરામાં આજે રકતદાન કેમ્પનું આયોજન

### કેમ્પમાં રકતદાતાઓ રકતદાન કરશે : તડામાર તૈયારીઓ શરૂ

બાબરા (દિપક સેદાણી)

બાબરા શહેરના આંગણે ઈસ્માઈલ ખોજાજ્ઞાતિના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબની દુઆ અને નેજા તળે ઈન્ડીયા વોલીન્ટીયર કોર ગૃપ બાબરા દ્વારા તા. ૬-૭-૧૪ને રવીવારે સવારે ૮-૩૦ થી બપોરના ૧૨-૩૦ સુધી રકતદાન મહાદાન કેમ્પનું સુંદર આયોજન ગોઠવેલ છે. માનવ સેવા પરમ ધર્મ લોકહીતાર્થે રકતદાન કેમ્પ સફળ બનાવવા ઈસ્માઈલી ખોજાજ્ઞાતિના મુખી નાદીરભાઈ ગાંગાણી કામડીયા ઝુલ્ફીકારભાઈના માર્ગદર્શન તળે વડીલશ્રી રમજાનભાઈ જીવાણી, બરકતભાઈ ગાંગાણી, સિરાજભાઈ ગાંગાણી, શાહબુદનભાઈ એસ.કે.ના પ્રેરણાબળે ખોજાજ્ઞાતિની યુવા ટીમ લોકસેવા અને લોકયોગી માનવ સેવા પરમધર્મ કાર્યો માટે તન મન ધનથી યોગદાન આપી રહેલ છે ત્યારે બાબરા શહેર અને તાલુકાભરના યુવા ભાઈ બહેનો વધુમાં વધુ રકતદાન મહાદાન કરે અને કરાવે તેવો અમારા પ્રતીનીધી દિપક સેદાણીએ જણાવેલ છે.

## મોટા આંકડીયા શિતલ વિદ્યાલયનું ગૌરવ



મોટા આંકડીયા,

મોટા આંકડીયા શ્રી શીતલ વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી હુંમર દિક્ષીત મગનભાઈએ ફેબ્રુઆરી ૨૦૧૪મા લેવાયેલ જવાહર નવોદય પરીક્ષા પાસ કરી શાળા તથા હુંમર પરીવારનું ગૌરવ વધારેલ છે, આ શાળામાંથી છેલ્લા પાંચ વર્ષમાં પાંચ વિદ્યાર્થીઓની નવોદયમાં પસંદગી થયેલ છે જે શાળા માટે ગૌરવની બાબત છે.

## રાજુલા વૈષ્ણવ સમાજ જોગ

રાજુલા,રાજુલા તાલુકા વૈષ્ણવ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૬ ના રોજ બપોરના ૧૨ કલાકે પંચોળી આહીર સમાજની વાડીમાં વિદ્યાર્થીઓ પ્રોત્સાહન મળે તે હેતુથી કાર્યક્રમનું આયોજન કરવામા આવેલ છે તેમા સમાજના આગેવાનો ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## રાજુલામાં સરકારી દવાખાનાનો મુખ્ય દરવાજો આખરે ખોલી નખાયો

### દરવાજો બંધ રહેતા પારાવાર મુશ્કેલી પડતી હતી : દર્દીઓને અનુકુળતા

રાજુલા,

રાજુલા સરકારી દવાખાનો મુખ્ય દરવાજો અવાર નવારની રજુઆત બાદ દરવાજો ખુલ્લો મુકાતા લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

ઘણા લાંબા સમયથી રાજુલા સરકારી દવાખાનાનો મુખ્ય દરવાજો બંધ રહેતો તથા દર્દીને કેસ કઢાવવા એક દવાખાનાથી બીજા દવાખાના વીભાગમા જવુ પડતુ હતુ જેના કારણે દર્દી પરેશાન હતા.

એ વખતે આમ આદમી પાર્ટી રાજુલા તરફથી એક અભીયાન ચલાવવામા આવ્યુ અને વારંવાર લેખીત અરજીઓ કરતા આખરે આંખની સારવાર તથા ટી.બી. રોગની સારવાર પણ એક જ જગ્યાએ ફેરવવામા આવી આમ દરવાજો અને કેસ કઢાવવા બાબતે જનતાએ ખુશી જાહેર કરેલ છે. તેમ રાજુલા આપના સંયોજક કનુભાઈ દુધરેજીયાની યાદીમાં જણાવાયું છે.

## ગુજરાતના કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનીત કરશે : કલાકારોએ અરજી કરવી

### ગૌરવ પુરસ્કારમાં રૂા. ૫૧ હજાર રોકડ, શાલ, તામ્રપત્ર અપાશે

અમરેલી,

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતીક પ્રવૃતી વિભાગ દ્વારા સંગીત, નૃત્ય, નાટય અને લોકકલાક્ષેત્રે વિશિષ્ટ અને ગણનાપાત્ર પ્રદાન કરનાર ગુજરાત રાજયના કે ગુજરાત બહાર સ્થાયી થયેલા ગુજરાતના કલાકારોને ગૌરવ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવે છે. આ ગૌરવ પુરસ્કારમાં રૂા. ૫૧ હજારની રોકડ, સાલ અને તામ્રપત્ર આપવામા આવશે. સન્માનીત નામાંકીત અને સર્વમાન્ય કલાકારોની અરજીમાં કલાકારનું નામ, સરનામુ, ટેલીફોન, મોબાઈલ નંબર, ગૌરવ પુરસ્કાર માટેનું કલાનુ ક્ષેત્ર, જે તે કલાક્ષેત્રમાં કરેલ પ્રદાન, આ પ્રદાનને સમર્થન આપતી વિગતોથા ગૌરવ પુરસ્કાર માટે આપવા સારૂ યોગ્ય જણાય તેવી અન્ય તમામ વિગતો બાયોડેટા, ભલામણ કરનાર દ્વારા દરખાસ્ત કરાતી હોય તો ભલામણ કરનારના નામ, સરનામા જેવી વિગતો સાથે અનુક્રમ નં. ૧ થી ૭ મા જણાવેલ કલાકારની જરૂરી વિગતો સાથે ભલામણ કરનાર અને અરજદાર કલાકારએ તેમની અરજી ગુજરાતીમાં સાદા કોરા કાગળ પર રજીસ્ટર્ડ એ.ડી.કે રૂબરૂમાં મળે તે રીતે તા. ૩૧ ઓગષ્ટ ૨૦૧૪ સુધીમાં મોકલી આપવાની રહેશે. અરજી સભ્ય સચીવ શ્રી ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી બ્લોક નં. ૯ પ્રથમ માળ ડો. જીવરાજ મહેતા ભવન ગાંધીનગરને મોકલી આપવાની રહેશે.

સમય વિત્યે મળેલી અરજીઓ ધ્યાને લેવામા આવશે નહી અગાઉ જેમને આ પુરસ્કાર મળેલ હોય તેમણે અરજી કરવી નહી. પુરસ્કાર અંગેનો આખરી નિર્ણય પસંદગી સમીતીનો રહેશે. તેમ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચીવ શ્રી બી.એચ. તાલાટીની એક યાદીમાં જણાવાયું છે.

## બગસરામાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી નવસર્જન સમીતી દ્વારા માર્ગ પ્રશ્ને રજુઆત કરાઇ

### ગાવડકાથી માણેકવાડા માર્ગ ઝડપભેર પુર્ણ કરવા લેખીત રજુઆત કરાઈ



બગસરા,

બગસરા ઝવેરચંદ મેઘાણી માર્ગ નવસર્જનસમીતી દ્વારા ઘણી રજુઆત અને આંદોલન બાદ બની રહેલ ગાવડકાથી માણેકવાડા સુધીના માર્ગનું કામ ઝડપથી પુર્ણ થાય તે માટે માર્ગ મકાન વિભાગના અધિકારી ગાવડકાથી માણેકવાડા સુધી બની રહેલ નવા રોડનું નિદર્શન કરવા નિકળેલા અધિકારી એકઝીકયુટીવ એન્જીનીયર પી.એચ.દુબળાને ઝવેરચંદ મેઘાણી માર્ગ નવસર્જન સમીતીના મનત્રી રાજુ ખોખર, રૂપેશ (ઝમકુ) રૂપારેલીયા ગુજરાત વાઈબ્રન્ટ જે.સી.આઈ.ના ભાવેશભાઈ મસરાણી દલીત અગ્રણી ભીખુભાઈ ખીમસુરીયા, હામાપુરના વતની દલસુખભાઈ થાવાણી દ્વારા માણેકવાડાથી ગાવડકા માર્ગનું કામ ઝડપથી અને સારૂ થાય તે માટે યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ.

આ ઉપરાંત બગસરાથી ચલાલા સુધીનો માર્ગ અતી બિસ્માર બની ગયેલ હોય તે માટે પણ વાતચીત કરેલ ટીંબલાના પાટીયાથી બગસરા સુધીના ખાડાઓ બુરવા તેમજ ચલાલા સુધીનો માર્ગ બનાવવા માટે ધારદાર રજુઆત કરેલ હતી.

## લીલીયામાં સાંઇનાથપરા વિકાસ કામોથી વંચીત

### ૩૦૦ જેટલા કુટુંબોને પીવાનું પાણી, વીજળી, રોડ સુવિધાઓ અપુરતી : ઉગ્ર રોષ

લીલીયા (મહેશ દવે)

મોટા લીલીયામાં સનાળીયા રોડ ઉપર આવેલ સાંઈનાથપરા વિસ્તારમાં પ્રાથમીક સુવિધાના અભાવથી ૩૦૦ જેટલા ગરીબ કુટુંબો પારાવાત મુશ્કેલી અનુભવી રહયા છે.લીલીયાના સાંઈનાથ પરા વિસ્તાર કાચા રસ્તા હોવાથી વિદ્યાર્થીઓ વૃધ્ધોને ચોમાસાની ઋતુમાં મુશ્કેલી પડે છે પીવાના પાણી માટે સંપ નાનો હોવાથી પુરા ફોર્સથી પાણી મળતુ નથી સ્ટોરેજ ટાંકો પણ નથી વીજળીમાં ૨૪ કલાકમાં અવાર નવાર લાઈટ જતા પારાવાર મુશ્કેલી ઉપરાકત પ્રશ્નો પરત્વે સાંઈનાથપરાના રહીશોએ સબંધીત વિભાગના તંત્રને લેખીત રજુઆત કરી છે.

## વાહ કયા સીન હૈ..!



### જય

અમરેલીના પ્રણવભાઈ તથા આરતીબેનનો વ્હાલો દિકરો, દાદા વિનુભાઈ અને દાદી જશુબેનનો લાડકો દિકરો,નીખીલભાઈ, રાજભાઈ, આષુયભાઈ, તથા પુષ્ટીબેન, ધ્રૃવીબેનના તોફાની ભઈલા જયનો આજે જન્મદિવસ છે.તો જયભાઈ સૌને ફોન કરી પાર્ટી આપી કેકે ખવડાવવાનોછે તો તૈયાર થઈ જાવ સૌ રમકડા લઈને જયભાઈને હેપી બર્થ ડે કહેવા માટે

તુમ જીઓ હજારો સાલ સાલ કે
દિન હો પચ્ચાસ હજાર હેપી બર્થ ડે ટુ જય

# અમરેલી ખાતે બારોટ સમાજના વિદ્યાર્થીઓનોં સન્માન સમારોહ યોજાયો

### સમગ્ર બારોટ સમાજન 'ઓના ઉત્કર્ષ માટે મળતો સહયોગ



અમરેલીઃ તાજેતરમાં જ અમરેલી ખાતે અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટ આયોજિત અમરેલી જિલ્લાના બારોટ સમાજના વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો.

આ સમારોહનો બારોટ સમાજના અગ્રણીઓ સહિત અમરેલીના સાંઈબાબા મંદરના મંગળ ıર્માંએ દિપ પ્રાગટયથી પ્રારંભ કર્યો હતો.

આ પ્રસંગે પૂ.મંગળામાંએ બારોટ સમાજ ટ્રસ્ટના પ્રમુખશ્રી રાજુભાઈ રેણુકાને ચાંદીનું છત્તર ભેટ આપી, પ્રાસંગિક પ્રવચનમાં વિદ્યાર્થીઓમાં ભણવાની રૂચી વધુ વિકસે તેવા સમગ્ર બારોટ સમાજને આશિર્વચન પાઠવ્યા હતા.

ટ્રસ્ટના પ્રમુખશ્રી રાજુભાઈ રેણુકાએ ટુંકા પ્રવચનમાં અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટની સુદ્ર કામગીરી સમગ્ર બારોટ સમાજના સહયોગથી વધુ સારી રીતે થઈ શકે છે. અમરેલી બારોટ સમાજ સમગ્ર બારોટ સમાજનું ગૌરવ છે જેમાં વધુમાં વધુ સહયોગ આપી પ્રોત્સાહન કરવા અપીલ કરી હતી.

આ પ્રસંગે બગારગામથી પધારેલા મહેમાનો સર્વશ્રી જૂનાગઢના મોહનભાઈ સોનરાતે શિક્ષણ ઉપર ભાર મુકતા જણાવ્યું હતું કે,સમાજના નબળ ıવર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસાર્થે આર્થિક મદદ કરવા દાતાશ્રીઓને અપીલ કરી હતી.

રાજુલાના શ્રી ભીખુભાઈ મનાતરે થોડામાં ઘણું કહી માર્મિક ટકોર કરતા જણાવ્યું હતું કે, આપણે બોલવા કરતા કામને બોલવા દેવું જોઈએ.અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટ નથી બોલતું તેનું કામ બોલે છે. અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટને ખુબ ખુબ ધન્યવાદ પાઠવતા વધુમાં જણાવ્યું હતું કે, આવા સદકાર્ય કરતા ટ્રસ્ટને સમાજ તરફથી વધુમાં વધુ મદદ કરી પ્રોત્સાહિત કરવું જોઈએ. સદકાર્ય એમનેએમ નથી થતાં તેના માટે આર્થિક સહયોગની પણ એટલી જ જરૂર પડતી હોય છે.અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટની જેમ દરેક જગ્યાએ કે જયાં બારોટ સમાજ બહોળા પ્રમાણમાં વસે છે ત્યાં આવા સમાજોપયોગી કાર્યો થવા અપીલ કરી હતી.

જામનગરના શ્રી હિંમતભાઈ લગધીરે અમરેલી બારોટ સમાજની ભારોભાર પ્રસંશા કરતા જણાવ્યું હતું કે, શિક્ષણ એ આજના સમયની ભુખ છે. સાથોસાથ આજે બારોટ અન્ય સમાજમાં પણ ઘણો જ જાણીતો થયો છે.જામનગરમાં પણ અમો શહેર પુરતી વિદ્યાર્થી સન્માન અને સમાજોપયોગી કામગીરી શરૂ કરી છે.દરેક જગ્યાએ બારોટ સમાજ પ્રગતિ કરે તેમ જણાવ્યું હતું.

રાજકોટના શ્રી પ્રફુલભાઈ રેણુકાએ વિદ્યાર્થીઓને દર વર્ષે વિનામૂલ્યે અપતા ચોપડા માટે રૂા. ૫,હજારની જાહેરાત કરી જણાવ્યું હતું કે, સમગ્ર બારોટ સમાજમાં ગુજરાતમાં કયાં કયાં વસે છે, કયાં વિદ્યાર્થીઓ ક્ષૈણણિકક્ષેત્રે કેટલા આગળ છે,બારોટ સમાજમાં બનતા સારા-માઠા સમાચારોની જાણકારી બારોટ સમાજના મુખપત્ર અમર સૌરાષ્ટ દ્વારા મળી રહે છે.આ મુખપત્રના તમામ બારોટ સમાજના ઘેરઘેર વંચાતું થાય તેવી હાર્દિક અપીલ કરી હતી.

અમરેલીના શ્રી ડી.એનઘેલાણીએ શ્રી ભીખુભાઈની વાતને સમર્થન આપી અમરેલી બારોટ સમાજને ધન્યવાદ પાઠવી જણાવ્યું હતું કે, અમરેલી બારોટ સમાજે વિદ્યાર્થીઓની શિક્ષણલક્ષી ભુખ ઉઘાડી છે ત્યારે બારોટ સમાજના દાતા તરફથી વધુને વધુ આર્થિક સહયોગ મળે તે ખુબજ જરૂરી છે.

બોટાદના શ્રી દિનેશભાઈ રેણુકાએ અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટના પારદર્શિત વહીવટના કારણે આવા વિદ્યાર્થી ઉત્કર્ષ અને સમાજોપયોગી કાર્યો સિધ્ધ થતાં હોય છે. આજના આ કારમી મોંઘવારીના સમયમાં શિક્ષણ પણ એટલું જ મોંઘ થતું જાય છે માવતર પેટે પાટા બાંધીને પોતાના સંતાનોને ભણાવતાં હોય છે, ત્યારે વિદ્યાર્થીઓએ વધુમાં વધુ મહેનત કરી મા-બાપ તથા સમાજનું ગૌરવ વધારે તે સરાહનિય છે. સમગ્ર બારોટ સમાજના ગૌરવસમા પૃથ્વીરાજસખા ચંદ બારોટની તિથિ ઉજવાય અને આમ સમાજને પણ ખબર પડે કે, બારોટમાં યોધ્ધા-કવિઓ હતા. તેના માટે જે કંઈ યથાયોગ્ય સહયોગની જરૂર પડે તેની ખાત્રી આપી હતી.અમરેલી જિલ્લા શિક્ષણ વિભાગમાં વરસોથી મંત્રી રહી ચૂકેલા શ્રી ડી.એન.સોનરાત, અમરેલીના મનુભાઈ રેણુકા,શ્રી નારણભાઈ લગધીર, રાજકોટ શ્રી ભીખુભાઈ રેણુકા તથા શ્રી નિતીનભાઈ સોનરાતે અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટની લોકાભિમુખ કામગીરીને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટે પારદર્શક વહીવટ કરી પ્રેરક ઉદાહરણ પુરૂ પાડયું છે. કોઈપણ જગ્યાએ બારોટ સમાના ઉત્કર્ષના કાર્યોમાં રોળા નાખવાને બદલે તેન બને તેટલો સહયોગ આપવા જણાવ્યું હતું.બારોટ સમાના સદકાર્યમાં ખુબજ ઓછા ચિત્રમાં આવતા શ્રી હિતેષભાઈ બટુકલાલ રેણુકા તથા શ્રી દિલીપભાઈ અભાણીએ નાણાકિય વહીવટ સુદ્રઢ રીતે પુરો પાડયો હતો.

આ તકે અમરેલી જિલ્લાના બારોટ સમાજના ભાઈ-બહેનો, બહારગામથી પધારેલા મહેમાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી દિપકભાઈ ઈલાણીએ કરી શરૂઆતમાં મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી, જયારે આભારવિધિ અમરેલીના અમૃતલાલ સોનરાતે કરી હતી.




સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
AVADH TIMES GROUP
સૌરાષ્ટ્ર આવૃતિ
પાના નં. ૮ અમરેલી તા.૬-૭-૨૦૧૪ રવિવાર




આપના શુભપ્રસંગો... માં ઓરીજનલ સ્વાદ અને વેરાયટીઓનો વિશાળ ખજાનો

નાના - મોટા અન્ય પ્રસંગોમાં ચાર ચાંદ લગાડી આપે તેવી યાદગાર મિઠાઇઓ

| | | | |
|---|---|---|---|
| o ફ્રુટ સલાડ | o મેંગો ક્રિમમઠો | o અંગુર રબડી | o એલચી શિખંડ |
| o બાસુંદી | o ડ્રાયફ્રુટ શિખંડ | o સીતાફળ રબડી | o મેંગો શિખંડ |
| o ક્રિમમઠો | o વેનીલા શિખંડ | o કેસર ડ્રાયફ્રુટ રબડી | o બટરસ્કોચ શિખંડ |
| o ડ્રાયફ્રુટ કેસર ક્રિમમઠો | o કેસર શિખંડ | o પાઇનેપલ શિખંડ | o કેસર બદામ શિખંડ |

આપને હાજરમાં જ મળશે. શુભ પ્રસંગોનાં ઓર્ડર આજે જ બુક કરાવો
ન્યુ ફ્લેવર રીયલ ટેસ્ટ અવનવી વેરાયટીઓથી ભરપુર ટેસ્ટફુલ

અવધ ડેરીફાર્મ
૨૬/૨, પટેલ બોર્ડિંગ શોપીંગ સેન્ટર, લક્ષ્મીનારાયણ મંદિર સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન. : ૨૨૦૦૫૨




સ્વામીનારાયણ ગુરૂકુલ સંચાલીત
શ્રી મુકેશ જાની બી.એડ. કોલેજ અમરેલી
વર્ષ ૨૦૧૪ - ૧૫ પ્રવેશ શરૂ છે
o બી.એડ. પ્રવેશ ફોર્મ ભરેલ હોવુ જોઈએ o પ્રવેશ પરિક્ષા આપેલી હોવી જોઈએ o જેમને કયાંય પ્રવેશ મળેલ ન હોય અને પ્રવેશથી વંચીત હોય તો તેવા ઉમેદવારોએ સંસ્થાનો સંપર્ક કરવો o વહેલા તે પહેલાના ધોરણે.
શ્રી મુકેશ જાની બી.એડ. કોલેજ
ગાવડકા રોડ, જેસીગપરા, શ્રીજી રેસ્ટોરન્ટની સામે અમરેલી
મો.૯૪૨૬૨ ૨૯૬૭૧

## ધારીનાં ગઢીયામાં કુહાડી વડે હુમલો

અમરેલી,

ધારીના ગઢીયામાં રહેતા જીતુભાઇ બચુભાઇ વાળા માલઢોર ચરાવતા હતા ત્યારે ગામના લખુ જૈતુ વાળાએ પહોચાડયાની ફરીયાદ નોંધાવેલ છે.

કાઠી ક્ષત્રિય સમાજનાં ગૌરવને
હાર્દિક અભિનંદન


શ્રી મહેન્દ્રભાઈ વિછીયા
પ્રમુખશ્રી
અમરેલી જી.પ્રા.શિ.સંઘ


શ્રી અશ્વિનભાઇ વિછીયા
પ્રમુખશ્રી
લીલીયા તા.પ્રા.શિ.સંઘ

અમરેલી જિલ્લા પ્રાથમિક શીક્ષક સંઘનાં પ્રમુખ તરીકે સતત બીજી વાર શ્રી મહેન્દ્રભાઈ વિછીયા બીન હરીફ થતા તેમજ લીલીયા તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે શ્રી અશ્વિનભાઈ વિછિયાની બીનહરીફ વરણી થતા ખુબ ખુબ અભિનંદન આપના નેતૃત્વમાં જીલ્લા તેમજ તાલુકા પા.શિ.સંઘની ઉતરોતર પ્રગતિ થાય તેવી શુભકામનાઓ...

શુભેચ્છક
શ્રી જીતુભાઈ વિછીયા
હરીૐ કન્સ્ટ્રકશન કુ.અમરેલી



|| જયશ્રી સ્વામિનારાયણ ||
અમરેલી જિલ્લામાં કેટરર્સ ક્ષેત્રે ગુંજતુ સર્વોપરિ નામ




ક્રિષ્ના કેટરર્સ
મેઇન ઓફિસ :- કેરીયા રોડ, ભોજલપરા શેરી નં. ૩ મેઇન રોડ ઉપર ફોન નં. (૦૨૭૯૨) ૨૨૦૪૦૨
આપને ત્યા આવતા શુભ પ્રસંગો લગ્ન, વૈવિશાળ, બર્થ-ડે, ભાગવત સપ્તાહ, વિગેરેમાં આપની અનૂકુળતા મુજબનું કેટરર્સ કરી આપનાર જુના અને જાણીતા
રમેશભાઇ આર.પટેલ - ૯૮૨૫૫ ૪૬૯૦૨
દેવરાજભાઇ આર.પટેલ - ૯૮૨૫૭ ૨૭૯૦૮
આપના શુભ પ્રસંગો માટે હોલની સુવિધા ઉપલબ્ધ છે.(ક્રિષ્ના ડાઇનીગ હોલ વાળા)

કોણ કહે છે ઘરનું ઘર ખરીદવુ મુશ્કેલ છે ?
આવો સ્વર્ણીમ સ્કવેરમાં વસાવો મેધાવી માહોલનાં
અવસરે આપનુ પોતાનું ઘર આપના જ બજેટમાં








૨-૩ બેડરૂમના લક્ઝુરીયસ ફ્લેટ્સ
SWARNIM SQUARE
ડેવલોપર્સ
GOPINATH DEVELOPERS
નિરમા યુનિવર્સીટી પાસે, એસ.જી. હાઈવે, અમદાવાદ.
9879610796, 9376144814, 9426513738, 079 65451753

